નિઝામી ગ્રંથમાળા નંબર ૨.

ફાકામાં રોઝો

(હિંદના તાજદારના કુટુંબની કિસ્સો)

છાપનાર તથા પ્રગટ કરનાર.

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી

માલેક—નિઝામીયા બુક ડેપો.

પાંચપટી—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

ઓગષ્ટ ૧૯૧૪ રમઝાન ૧૩૩૨

કીમત એક આનો.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા ધી નિઝામીયા પ્રી. વર્કસમાં

મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશીએ છાપ્યું.

બે બોલ.

અસલ ઉરદૂમાં આ વાર્તા મારા પીર મુરશદ હઝરત ..... હસન નિઝામી સાહેબે એમની ચીફ એડીટરી તળે પ્રગટ થતા પ્રખ્યાત "નિઝામુલ મશાયખ" નામના સુફીયાના માસીકમા લખી હતી. હઝરત ખ્વાજા સાહેબે હીંદના મુગલ બાદશાહોના કુટુંબને લગતી હકીકતો આ રીજ વાર્તાઓ રૂપે બહાર પાડી છે જે ઘણીજ અસરકારક, કરૂણાજનક અને બોધ લેવા લાયક છે. એ વાર્તાઓ પત્રકાની કેટલીક વાર્તાઓનો મેં ગુજરાતી ભાષામાં તરજુમો કર્યો છે જે ઇનશાઅલ્લાહ એક પછી એક પ્રગટ કરવામાં આવશે.

પાંચપટી, અમદાવાદ.

—: આપનોજ :—

નિઝામુદ્દીન એ. કુરેશી.

بسم الله الرحمن الرحيم

ફાકામાં રોઝો.

હીંદના તાજદારોના કુટુંબની કહાણી.

હીંદુસ્તાનના છેલ્લા મુગલ શહેનશાહ અબુઝફર બહાદુરશાહના એક ભાણેજ મીરઝા શેહઝોર ગોરગાની દીલ્લીવાળા હઝરત ખ્વાજા હસન નીઝામી સાહેબની રૂબરૂ ઈ. સ. ૧૮૫૭ ના બળવા વખતની દર્દ ભરી કહાણી નીચે પ્રમાણે બ્યાન કરે છે.

જ્યારે અંગ્રેજી તોપોએ, કીરચો અને મશીનોએ તથા રાજ્યદ્રોહી લોકોએ અમારા હાથમાંથી તલવાર છીનવી લીધી, માથા ઉપરથી તાજ ઉતારી લીધો, તખ્ત ઉપર કબજો કરી લીધો, શહેરમાં ભયંકર તોપના ગોળાઓ છાબુકાણી છુટવા, સાત પડદામાં રહેનારી અબળાઓ ઉઘાડે ચહેરે પોતાના વારસોની તડપી રહેલી લાશોને જોવા માટે બહાર બજારમાં નીકળી આવી, નાના નાના વગર માબાપના નિરાધાર બાળકો "અમ્મા અમ્મા" પોકારતા અનાથ સ્થીતીમાં રખડતા લાગ્યા, "ઝુર ઝિલ્લે સુબહાની (બાદશાહ સલામત) જેઓ ઉપર અમો બધાનો આધાર હતો તેઓ કીલ્લો છોડીને બહાર નીકળી પડ્યા ને અમને મેં પણ મારા વૃદ્ધ અમ્મા, નાની બહેન અને ગર્ભવાળી વહુને સાથે લઇ અને આ વેરાન મહેલાનો સાક્ષાર બની ઘરને સાચવવા માટે તજ્યુ

અમે લોકો બે રથોમાં સવાર થઇ સીધા ગાઝીઆબાદ તરફ રવાના થયા પરંતુ આગળ જતાં ખબર મળી કે તે રસ્તામાં અંગ્રેજી લશકરનો પડાવ છે, તેથી શાહદરેથી પાછા ફરીને કુતુબ સાહેબ આગળ આવ્યા અને રાત્રે ત્યાં મુકામ કર્યો રાતની રાત ત્યાં મુકામ કરી સવારમાં આગળ વધ્યા તો છત્રપુરની પાસે ગોજરોએ સઘળો સરસામાન લુંટી લીધો પણ એટલી મહેરબાની કરી કે અમને જીવતા મુકી દીધા. ભયંકર વનમાં ત્રણ સ્ત્રીઓની સાથે, અને સ્ત્રીઓ પણ કેવી? એક વૃદ્ધાવસ્થાથી લાચાર, એક કદમ પણ ચાલવાથી બેજાર બીજી બીમાર અને બેજીવવાળી, કોઇ દીવસ પગે ચાલેલી નહીં, ત્રીજી દસ વરસની નાદાન છોકરી, ત્રણે જણીઓ વિલાપ કરી કરી

હતી અને હૃદયભેદક રૂદન કરતી હતી. તેમના રૂદન અને વિલાપથી મારી છાતી ફાટી જતી હતી, પણ શું કરૂં? અમ્મા સાહેબા ઓને કહેતાં કે 'ઇલાહી! અમે ક્યાં જઈએ? કોનો આશરો શોધીએ? અમારો તાજ અને તખત લુટાવી દીધો ને હારેલો ટાટ અને અમનની જગ્યા નો આપ! આ બીમાર અને બેજીવાળીને ક્યાં લઈને બેસું? આ નાદાન બાળકને કોને સુપ્રત કરૂં? જંગલના ઝાડ પણ અમારા દુશમન બની ગયાં છે. કોઇ જગ્યાએ છાંયડો નજરે પડતો નથી" મારી નાની બહેન બીક અને સંકટના લીધે સાવ મુનવાં સમાન દયામણા ચેહરે અમારા ગોદડાંઓ જોઇ રહી હતી, અને તે વખતે તેના ઉપર ઘણીજ દયા આવી, પણ લાચાર!! આખરે બધાને દીલાસો આપી આગળ ચાલવા માટે હીમ્મત બંધાવી ગામ નજરે પડતું હતું તે તરફ ચાલવા માંડ્યું. અમ્મા સાહેબા એક એક કદમ ઉપર ઠોકરો ખાઇને પડતાં હતા અને રડીને કહેતા "કાનત તેમને ઠોકરો ખવડાવે છે જેઓ તાજદારોને ઠોકરો ઉપર મારતા હતા. કીસમતે તે લોકોને બેકસ કરી દીધા જેઓ બેકસોની વહાર ચઢતા હતા. અમો ચંગેઝના વંશના છીએ જેની તલવારોથી દુન્યા કાંપતી હતી. અમે તયમુરની અવલાદમાં છીએ જે મુલકોનો માલિક અને શાહરયારોનો શાહ હતો. અમે શાહજહાંના ઘરાણાં છીએ, અમો હીંદુસ્તાનના શહેનશાહના કુટુંબીઓ છીએ, અમો ઇજ્જતવાળા હતા, અમે શાન શવકતવાળા હતા. દુન્યામાં અમને રહેવાનું કેમ ઠેકાણું મળતું નથી? તે આજે કેમ મશ્કરી કરે છે? બેશક, આજે અમારા ઉપર મુસીબતનો વરસાદ વરસ્યો છે. આજે અમારી હાલત ઉપર આકાશ રડી રહયો છે. તેના રડવાથી શરીરનાં રૂવેરૂવાં ઉભાં

થઇ જાય છે." ટુંકમાં એટલુંજ કે અમે હજાર સંકટો ઉઠાવતાં ગામમાં પહોંચ્યાં. આ ગામ મુસલમાન મેવાતીઓનું હતું. તેઓએ ખાતર બરદાશની સાથે અમને ગામના ચોરામાં ઉતારો આપ્યો.

કેટલાક દીવસ સુધી તો આ ગામડીઆ મુસલમાનોએ અમારા ખાવાપીવાની ખબર રાખી અને ચોરામા અમને રહેવા દીધાં, પરંતુ ફરી તેઓ અમારો બોજો ઉપાડી શક્યા નહીં તેથી એક દીવસે મારી પાસે આવીને બોલ્યા "મીયાંજી! બીજા ગામથી ચોરામાં એક જાન આવીને ઉતરવાની છે માટે તમે બીજી કોઇ જગ્યાએ મુકામ કરો. અને રાત દીવસ નકામા બેસી રહીને શું કરો છો?" મે જવાબ આપ્યો "તમે જ્યાં કહેશો ત્યાં અમે અમારો મુકામ કરીશું. અમોને ચોરામાં રહેવાની લગારે અભીલાષા નથી જ્યારે પરવરદિગારે આલીશાન મેહેલો છીનવી લીધા તો ફરી અમે આ છાપરાના ઝુપડાઓ માટે શા સારૂ આંના કાની કરીએ? નકામા બેસી રહેવાને માટે તમો જે ટીકા કરો છો તે બરાબર છે પણ શું કરૂં? તમેજ કોઇ કામ બતાવો, થઇ શકશે તો ખુશીની સાથે કરીશ" આ સાંભળી તેમનો ચોધરી બોલ્યો. "અમને શી ખબર કે તમે કયું કામ કરી શકશો?" મે જવાબ આપ્યો. "હું સીપાહી છું તેથી તીર તલવાર ચલાવતાં આવડે છે તે સિવાય બીજું કાઇ આવડતું નથી." આ સાંભળી બધા ગામડીયા હસીને બોલ્યા "ના બાબા અહીં તલવાર મલવાર કાંઇ નથી. અહીં તો હળ ચલાવવાં પડશે, ઘાસ ખોદવું પડશે." ગામડીઓના આ જવાબથી હું રડી પડતાં બોલ્યો "ભાઇઓ મને હળ ચલાવતાં અને ઘાસ ખોદતાં આવડતું નથી." મને રડતો જોઇ

ગામડીઆઓનું દયાથી હૈયું ભરાઇ આવ્યુ એટલે તેઓએ મને દીલાસો આપતાં કહ્યુ, "આલો છાના રહો. તમે અમારા ખેતરોની રખવાલીનું કામ કરો અને તમારી સ્ત્રીઓ ગામના લુગડાં સીવી આપે એટલે અમે બધા ગામવાળા પાક ઉતરવાની મોસમની વખતે આખા વરસ સુધી ચાલે એટલું અનાજ આપીશુ "

આ વાતચીત પછી એમજ થયુ કે હું આખો દીવસ ખેતરોની રખવાલી કરતો અને ઘરની સ્ત્રીઓ આખા ગામનાં લુગડાં સીવતા હતી. એક વખતે ભાદરવા મહીનામા આખુ ગામ તાવમાં સપડાયુ મારી વહુ અને બહેનને પણ તાવ લાગુ પડયો, ગામ નાહનુ હોવાથી ત્યાં હકીમ કે ડૉકટરનુ નામ પણ નહોતું, વળી ગામડીઆ લોકો દવા દારૂ વિના પોતાની મેળેજ સારા થઇ જતા હોવાથી તેમને ડૉકટર કે હકીમની જરૂરત પણ નહોતી પરંતુ અમને તો દવાઓની આદત પડેલી હોવાથી ઘણીજ વેદના ઉઠાવવી પડી. આવીજ હાલતમાં એક દીવસે ઘણોજ જોરમાં વરસાદ પડયો તેથી ગામમાં કમર સુધી પાણી થઇ ગયું ગામની આજુબાજુ પણ ભારે વરસાદ પડેલો હોવાથી ગામનુ પાણી ગામમાંજ રહ્યું જેથી ગામના બધા ઘરોમાં કમર કમર પાણી થઈ ગ ગામવાળાઓને તો, આવેલા પાણીથી કાંઇ વધારે નુકશાન થયું નહીં પણ અમારી હાલત તો મરવા કરતાં પણ વધારે ખરાબ થઇ ગઇ. કેમકે પાણી રાતની વખતે એકાએક આવેલું હોવાથી બધા ખાટલા અને બધો સરસામાન પાણીમાં તરબોળ થઇ ગયો હતો. આવા એકાએક આવેલા તોફાનથી સ્ત્રીઓ બુમો પાડીને રડવા લાગી. એટલે મેં બધાને ધીરજ આપી મહા મુસીબતે છાપરાની

વળીઓમાં રસી બાંધી ખાટલાને તેની સાથે બાંધીને બીબીને તે ઉપર બેસાડી. પાણી તો એકાદ કલાકમાં ઉતરી ગયું, પણ તે એક કલાકમાં પહેરવાનાં, ઓઢવાનાં, પાથરવાનાં બધાં લુગડાં પલાળી ગયું આખા વરસના ખરચ માટે ભરેલું અનાજ બગાડી ગયું. આવી રીતે બધે પાણી પાણી થઈ ગએલું હોવાથી ટાઢીના સબબે થરથર કાંપતી બીબીના ખાટલાને રસીમાંથી છોડી નીચે પાથરેલા ઓટલામાં પાછલી રાત્રે એકાએક મારી બીબીને દરદ શરૂ થઈ ગયું અને તેની સાથે સખત ટાઢનો તાવ ચઢી આવ્યો આ જોઈ મારી પરેશાનીએ મને અર્ધ ગાંડો બનાવી દીધો વગેરે ગભરાટ થઈ ગયું હતું. વરસાદ પડી રહ્યો હતો, આગ સળગાવવાની બધી ચીજો પાણીમાં પલળી ગઈ હતી. તેથી હેરાન પરેશાન થઈને ખુદાના દરગાહમાં દોઆ માંગવા લાગ્યો. દરદ ધીમે ધીમે વધતું ગયું અને બીબીના હાલત બદતર થવા માંડી છેવટે આખી સુધી તબીયત ખરાબ થઈ ગઈ કે ભોંય ઉપર તડપવા લાગી. અને છેવટે તડપતા તડપતા આ જહાનથી કુચ કરી ગઈ. પેટનું બાળક પેટમાંજ રહી ગયું અને તેણી જુદાઈનો કારી ઘા મારી પરવરદિગારની હજુરમાં ચાલતી થઈ.

સવાર થતાંજ ગામવાળાઓને આ વાતની ખબર પડતાં તેઓએ કફન વીગેરે મંગાવી આપ્યું એટલે બપોર સુધી તે મોહતાજ શાહજાદી હમેશાં સુધી ગોરે ગરીબામાં જઈને સુઈ રહી.

હવે અમોને ખાવાની ચીંતા પેઠી, સઘળું અનાજ પાણીમાં તર થઈને સડી ગયું હતું ગામવાળાઓથી ફરી માગતાં શરમ આવતી

હતી કેમકે તેઓ પણ અમારી પેઠેજ મુશ્કેલીમાં સપડાયલા હતા તોપણ ગામના ચોધરીને પોતાની મેળે અમારી હાલતનું ભાન થયું તો તેણે કુતુબ સાહેબથી એક માણસની મારફતે એક રૂપીઆનો લોટ મંગાવી આપ્યો. ચોધરીએ મંગાવી આપેલો અર્ધો લોટ વપરાયો હશે કે એટલામાં રમઝાન શરીફના ચાંદના દર્શન થયાં અમ્મા સાહેબનું દિલ ઘણુંજ નાજુક હતું અને તેઓ દર વખતે આગલો વખત યાદ કરીને અફસોસ કરતા હતાં જ્યારે તેઓએ રમઝાનનો ચાંદ જોયો ત્યારે એક હાયકારો ખેંચ્યો અને ફરી ચુપ થઈ ગયાં તેમને પોતાનો આગલો સમય યાદ આવ્યા હશે એમ હું તરતજ સમજી ગયેલો હોવાથી મેં તેમને દીલાસો આપ્યો એટલે તેઓની થોડી ઘણી ગમગીની દુર થઈ ગઈ.

ચાર પાંચ દીવસ તો સારી પેઠે વીત્યા. પણ જ્યારે લોટ પુરો થઈ ગયો ત્યારે બહુ મોટી મુશ્કેલી થઈ પડી. કોઈની પાસે માગતા શરમ આવતી હતી અને પાસે એક પાઈ પણ નહોતી. સાંજરે પાણીની ઘુંટથી રોઝા ખોલ્યા, અને ચુપ થઈ બેસી રહ્યાં. ભુખથી બેચેન થઈ રહ્યા હતા પણ કોને કહીએ ?

અમ્મા સાહેબાની ટેવ હતી કે તેઓ આવા સંકટના સમયમાં આગલો વખત યાદ કરીને ઘણાજ દીલગીર થતાં હતા, પરંતુ આજે તેઓ તદ્દન ચુપ હોવાથી મને પણ લગાર હીંમત આવી અને નાની બહેન જેના ચહેરા ઉપર ભુખથી હવાઈઓ ઉડી રહી હતી તેને દીલાસો આપવા લાગ્યો. તે માસુમ બાળા મારા સમજાવવાથી ચુપ થઈને ખાટલા ઉપર જઈને સુઈ ગઈ.

આવીજ રીતે સેહરીનો વખત આવ્યો, અમ્મા સાહેબે ફરીને વઝુ કરી અને તહજ્જુદની નમાઝ પુરી કર્યા બાદ તેઓએ પરવર દીગારની જનાબમાં જે દોઆ માંગી તેની પુરેપુરી અત્રે નકલ કરવી બહુજ મુશ્કેલ છે તો પણ તેની ટુંક મતલબ અત્રે કહું છું. અમ્મા સાહેબાએ આકાશ ભણી અને હાથ ઉઠાવીને કહ્યું " એ અલ્લાહ! અમારાથી એવો તે શો ગુનોહ થયો છે કે જેની આવી સજા આપવામાં આવે છે! રમઝાનના મહીનામાં અમારા ઘરથી સેંકડો નિરાધાર તથા લાચારોને ઉમદા ઉમદા પકવાનો આપવામાં આવતા હતા અને આજે અમે અનાજના એક દાણા માટે તડપી રહ્યા છીએ, તથા રોઝા ઉપર રોઝા રાખીએ છીએ. ખુદાવંદા અગર અમારાથી તારી કસુર થઈ છે તો તું અમોને તારી ઇચ્છામાં આવે એવી સજા કર અમે તે ઉઠાવવાને માટે તૈયાર છીએ પરંતુ આ માસુમ બાળકના ઉપર રહેમ કર, તેની દયાજનક સ્થીતી જોવાઈ શકાતી નથી, પરવરદીગાર ગઈ કાલથી તેના મોહડામાં અનાજનો એક દાણો પણ ગયો નથી માટે એના ઉપર દયા કર અને એની માસુમીયત તરફ નજર નાંખ."

બીજો દીવસ પણ એવીજ રીતે ગુજરી ગયો અને ફાકામાં રોઝા ઉપર રોઝો રાખ્યો. લગભગ સાંજના વખતે ચોધરીનો માણસ દુધ અને મીઠા ચાવલ લઈને આવ્યો અને બોલ્યો "આજે અમારે ત્યાં નયાઝ હતી તેનું આ ખાણું છે અને આ પાંચ રૂપીઆ ઝકાતના છે દરસાલ બકરીઓની ઝકાત કાઢતા ચોધરી સાહેબ બકરીજ આપતા હતા પણ આ વરસે રોકડા રૂપીઆ ઝકાતમાં કાઢ્યા છે તે લો."

૪૦૭૬

આ ખાણું અને રૂપીઆ જોઈને મને જાણે મોટું રાજ્ય ન મલ્યું હોય એટલી બધી ખુશી થઈ તેથી ખુશી ખુશી અંમાની પાસે જઈને બધી હકીકત કહી. હકીકત કહેતો હતો અને ખુદાના શુકરાના અદા કરતો હતો. જ્યારે હું આ હકીકત કહી રહયો ત્યારે મે જોયુ કે અમાના ચહેરામાં ફેરફાર થઇ ગયો. ફાકા ઉપર ફાકા કરવાથી તેઓ તદન અશકત થઇ ગયાં હતાં તો પણ આંખો ફેરવીને બોલ્યાં "ધીક્કાર છે તને અને તારી નફટાઇને, ખેરાત અને ઝકાત લઇને આવવા ઉપર ખુશી થાય છે ? અરે તે કરતાં તો મરી જવુ હજાર દરજ્જે બેહતર છે. જો કે અમે અતી અધમ સ્થીતીમાં આવી પડયાં છીએ તો પણ અમારૂ ગૌરવ નાશ પામ્યું નથી. લડાઇના મેદાનમાં જઇને મારવુ અથવા મરવુ અને તલવાર વડે રોટલા પેદા કરવાં અમારૂ કામ છે. ઝકાત તથા ખેરાત અમોને લેવી મુનાસબ નથી તને તારા વડીલોની જાહોજલાલી અને નામદારીનો પણ વિચાર ન આવ્યો ? અફસોસ, ભુખ અને ગરીબીએ તારા ઉપર કાબુ કરી લીધો અને એક વખતનો બહાદુર આજે ના મર્દ બની ગયો. સબુરી અને ધીરજના મીઠા ફળોને તે વિસારી દીધાં એટલા માટે ઝકાત અને ખેરાત લઇને આવ્યો"

અહીં સુધી બોલતાં અંમાનો શ્વાસ ફુલી ગયો, તેઓ થાકીને લોથ થએલા દેખાયા. એમનાં બોલવાથી મને એટલી બધી શરમ આવી કે હું પરસેવામાં તરબોળ થઇ ગયો. તે વખત જમીન માર્ગ આપતી તો હું સમાઇ જતો. છેવટે ખાણુ અને રૂપીઆ લઇને હું પાછા આપવા માટે ઉઠયો એટલે અંમાએ મને રોકતાં કહ્યુ

" ખુદાવંદે કરીમને એમજ મંજુર છે તો આપણે લાચાર છીએ. જે કાંઇ વિપતીઓ પડે તે વેઠાવવી જોઇએ " આટલું કહી પાણી રાખી લીધું અને રોઝા ખોલી ખુદાનો શુકરાનો અદા કર્યો. પાંચ રૂપીઆનો લોટ મંગાવ્યો જેથી રમઝાનનો આખો મહીનો ખેર ખુબીની સાથે પસાર થઇ ગયો.

તે બાદ અમે લગભગ છ મહીના સુધી ગામમાંજ રહયા અને તે પછી અમન થતાં દહેલી આવ્યાં. દહેલીમાં આવ્યા બાદ અમ્માનો ઇંતેકાલ થઇ ગયો એટલે મેં બહેનનું લગ્ન કરી આપ્યું. થોડા દીવસ પછી બાદશાહના કુટુંબીઓ જાણી નામદાર અંગ્રેજ સરકારે દયા લાવી પાંચ રૂપીઆનું માસીક પેનશન બાંધી આપ્યું છે. જેના ઉપર આજકાલ ગુજરાનનો બધો આધાર છે.

સમાપ્ત.

પ્રખ્યાત અને ઘેર ઘેર વંચાતી.

જંગે ત્રીપોલી

અથવા

ઇટાલીયન ટર્કીશ લડાઇ

નામની આવી મનહરણ વાર્તા શું તમોએ વાંચી નથી? જો ન વાંચી હોય તો, તરતજ એક પોસ્ટ કાર્ડ લખીને મગાવી લ્યો. ફક્ત બાર બાર આનામાં તેનો એક એક ભાગ મળે છે અને ચારે ભાગ રૂપીઆ ત્રણમાં વચાય છે. પોસ્ટેજ ખર્ચ ચારે ભાગનાં ચાર આના વધુ થશે.

તેમાં શું છે? તે તમો જાણો છો?

ના.

જાણતા હોયતો દરેક ભાગમાં આવેલી હકીકતોનાં સાંકળીઆ વાંચો.

ભાગ પહેલામાં આ વાંચો.

લડાઇનું અલટીમેટમ, લડાઇમાં જવાની ઇચ્છા, ત્રાબલસુલ ગર્બ અથવા ત્રીપોલી, બાએ આફ્રી, આલપસ પહાડની તલેટી,

અગત્યની આજ્ઞાઓ, દોલમા બાગમા, તુરકી તારપેડોની હીલચાલ, ગાઝી અનવરએ, ઇટાલીયન માંગણીઓનો અનાદર, જીવ કુરબાન કરવાના કરાર, ઇબ્રાહીમ અમીર, [illegible]ની કાઉન્સીલ, ફેરોની મુલાકાત, ખોટા પરિણામની શરૂઆત, અલ અમાન અલ હફીઝ, સેનસર શીપ, નાદિરશાહી હુકમ, બેતાબ બાળા, ઇન મુલ વનન વહયા જેની.

આનો પહેલા ભાગનું સાંકળીયું થયું

હવે બીજા ભાગમાં વાંચો

ઇટાલીનો વિરૂદ્ધ મીસર વાસીઓ, કુરબાની, આંસુએ બહેઉ કુટાવુ, બાહોશ તુરકી અમલદારો, ત્રીપોલી જવાની તઇયારી, ફરી બેહોશ થયો, સમુદ્રની સહેલગાહ. ખરી ખેર ખ્વાહી, અણધારી આફત, ખુનનું કાવતરૂ, બે નવા દોસ્તો, યક નશુદ દો શુદ, મદદના ફિરીશતાઓ, અસગર, પાસેરામાં પહેલી પુણી, તેજ પુરાણી સેનસર શીપ, હું આ શુ થયુ ?

બીજો ભાગ વાંચ્યા બાદ

ત્રીજા ભાગને વાંચો

જાહેદુ ફી સબીલિલ્લાહે, દુઃખી દાસ્તાન, હમદર્દીનો જોશ, લશ્કરી ઇસપીતાલ, પાર્લામેન્ટની બેઠક, ભેદ ભરેલી હિલચાલ, કામની વહેંચણી, શયતાનને ઘેર વલી, અરબોની મહેમાનદારી, જુલમી ઇનસાફ, બાદશાહી ખાણું,

ત્રીજો વાંચી રહ્યા એટલે હવે ચોથા ભાગને જુઓ

મુંગાઓમાં બહેરો, ખુબ ગુઝરેગી જબ મિલ બેઠેંગે દીવાને દો, અપંગા પ્રેમીઓ, સુંદર મેહમાન, બનગાળી મુકાગજાની તાગાગી, રાજ્ય દ્રોહી પોતાનો દેશ ભક્ત પુત્ર, ભયંકર આરોપ, નકામ વાની તૈયારી, ઇસ્તાંબોલન હાવાની દલીલ, સુડી વચ્ચે સોપારી,

આ ચાર ભાગ વાંચી રહ્યા બાદ

તમે આ રસીકી લડાયક વાર્તા માટે શું મત ધરાવો છો તે અમોને જણાવજો. ત્રીજા અને ચોથા ભાગોમા

૧ શેખ સનોસીનો વાવટો
૨ નામદાર અનવર પાશા
૩ તરકીશ તોપખાનાનું લશકર
૪ હીઝ એકસેલન્સી હસનપાશા

ના સુંદર ફોટો ઉંચા આર્ટ પેપર ઉપર આપ્યા છે.

લગભગ સાડા ચારસો પાનાના દલદાર પુસ્તકના ચારે ભાગની કીમત ફક્ત ત્રણ રૂપીઆ છે. તરતજ મંગાવો.